પુરક પોષણ આહાર બાલભોગ, સુખડી, શીરા અને ઉપમા પ્રિમિક્ષ ઉપર લાગુ પડતા વેટ ના ૫% માં અડધા ટકાનો વધારો કરીને ૫.૫ % કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
હુકમ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૭/૩૨૨/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૯/૨૦૨૧.

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૦/૨૯૦૮/બ, તા.30/૧/૨૦૧૦.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૦/૨૯૦૮/બ, તા.૨૩/૦૫/૨૦૧૩.

(૩) કમિશ્નરશ્રી, મ. અને બા. વિ. કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:આઇસીડીએસ/EFBF/વેટવધારો/ દરખાસ્ત/૧૯૦૬૧/૧૭, તા.૧૫/૦૪/૨૦૧૭.

(૪) નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા એસ.સી.એ. નં.૮૮૮૧/૨૦૨૧, તા.૧૭/૮/૨૦૨૧.

(૫) નાણાં વિભાગના મેમોરેન્ડમ ક્રમાંક: સીએનએફ/૧૧૨૧/૫૦/ક તા. ૦૮/૦૯/૨૦૨૧.

(૬) નાણાં વિભાગના મેમોરેન્ડમ ક્રમાંક: સીએનએફ/૧૧૨૧/૫૧/ક તા. ૦૮/૦૯/૨૦૨૧.

**પ્રસ્તાવના**

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ૬ વર્ષેથી નીચેની વયના બાળકો, સગર્ભા સ્ત્રીઓ/ધાત્રી માતાઓ અને કિશોરીઓને પુરક પોષણ પુરૂ પાડવાનું થાય છે. જે અન્વયે બાલભોગ, સુખડી, શીરા અને ઉપમા પ્રિમિક્ષની ખરીદી માટે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા ૨૦૦૯-૧૦ માં ઇ-ટેન્ડરીંગની કાર્યવાહી કરીને કોટા દાલ મિલ, કોટા સાથે એગ્રીમેન્ટ કરેલ હતો. વંચાણે લીધા (૧) પરના ઠરાવથી પ્રીમીક્ષના ટેક્ષ સિવાયના બેઝીક ભાવ ઉપરાંત તે સમયે લાગુ પડતા ૪% વેટ મંજુર કરવામાં આવેલ હતો. ત્યારબાદ વંચાણે લીધા (૨) પરના ઠરાવથી પ્રીમીક્ષના ટેક્ષ સિવાયના બેઝીક ભાવ ઉપરાંત તે સમયે લાગુ પડતા વેટમાં વધારો કરીને ૫% વેટ મંજુર કરવામાં આવેલ હતો. વંચાણે લીધા (૩) પરના પત્રથી પ્રીમીક્ષના ટેક્ષ સિવાયના બેઝીક ભાવ ઉપરાંત તે સમયે લાગુ પડતા વેટમાં વધારો કરીને ૫% થી વધારીને ૫.૫% વેટ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે. વંચાણે લીધા (૪) પરના નામ.હાઈકોર્ટના ઓરલ ઓર્ડરથી પ્રિમિક્ષના બિલોમાં વેટ/CSTમાં ૦.૫ % વધારો થતા એ અનુસાર કોટા દાલ મિલ, કોટા ને ચુકવવાની થતી વિથહેલ્ડ રાખેલ રકમ તેમજ તે રકમ ઉપર ૯% વ્યાજ ચુકવવાનો આદેશ

કરેલ છે. વંચાણે લીધા (૫) અને (૬) પરના મેમોરેન્ડમથી નાણાં વિભાગ દ્વારા ચુકવવાની થતી મુદ્દલની તથા વ્યાજની રકમ આકસ્મિક નિધિમાંથી ચુકવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

કોટા દાલ મિલ, કોટા દ્વારા માહે ૦૨/૨૦૧૬ થી ૧૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન પુરા પાડેલ પ્રિમિક્ષના બિલોમાં વેટ/CSTમાં ૦.૫% વધારો થયા પ્રમાણેનો કુલ ૫.૫% વેટ/CST ભરેલ છે. જે અંગે કોટા દાલ મિલ, કોટાએ ગુજરાત સરકારના પૂરક પોષણ આહાર માટે આંતરરાજ્ય વેચાણ સંદર્ભે ૫.૫% મુજબ વેટ ભર્યા અંગેનું પ્રમાણપત્ર પુરું પાડેલ છે.

નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા એસ.સી.એ. નં.૮૮૮૧/૨૦૨૧ તા.૧૭/૮/૨૦૨૧ના હુકમથી કોટા દાલ મિલને ૦.૫% વેટની ચુકવવાની થતી વિથહેલ્ડ રાખેલ રકમ રૂ.૨,૯૪,૮૧,૮૪૭/- તેમજ તેના પર ૯% ના દરે વ્યાજ ચુકવવા આદેશ કરેલ છે.

જેના અનુસંધાને સમગ્ર બાબત સચિવશ્રીઓની ખરીદ સમિતિ સમક્ષ રજુ કરતા સચિવશ્રીઓની ખરીદ સમિતિ દ્વારા જણાવેલ હતું કે, "SPC દ્વારા ભાવની મંજૂરી મળ્યા બાદ ખરીદકર્તા કચેરીએ VAT માં થતા વધારા-ઘટાડા અંગે ટેન્ડરની શરતો, એગ્રીમેન્ટ તથા પરચેઝ મેન્યુઅલની Chapter 10 (3)(a) ની જોગવાઇ મુજબ ખરીદકર્તા કચેરીએ ચુકવણા અંગેની ઘટીત કાર્યવાહી કરવાની રહે છે".

આમ ઉપરની બાબતોને ધ્યાને લઈને પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે:

## //હુકમ//

નામ ગુજરાત હાઈકોર્ટના તા.૧૭/૦૮/૨૦૨૧ના ઓરલ ઓર્ડર અનુસાર કોટા દાલ મિલ, કોટા ના પ્રીમીક્ષ ઉપર લાગુ પડતા વેટ/CST ના દર ૫% થી વધારી ૫.૫% કરવાની મંજૂરી આપવામાં આવે છે તેમજ કોટા દાલ મિલ, કોટા ને ૦.૫% વેટના દરે વિથહેલ્ડ રાખેલ રકમ રૂ.૨,૯૪,૮૧,૮૪૭/- અને તે ઉપર ૯% લેખે વ્યાજની રકમ રૂ.૨૬,૫૩,૩૬૬/- મળી કુલ રૂ.૩,૨૧,૩૫,૨૧૩/-ની રકમ આકસ્મિક નિધિમાંથી ચુકવવાની નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે:

(૧) આકસ્મિક નિધિથી મેળવેલ રકમનો વર્ષ ૨૦૨૧-૨૨ ના સુધારેલ અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે. તેમજ આ રકમનો કુલ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) આ સમગ્ર રકમનો ખર્ચ આકસ્મિક નિધિના મુખ્ય સદર "૮૦૦૦" હેઠળ જ ઉધરાય તેની ચોકસાઇ રાખવાની રહેશે તથા નાણાં વિભાગના તા.૨૪/૦૧/૧૯૮૦ ના પરિપત્ર ક્ર: હસવ-૧૦૮૦-૨૧૬-ક ની સૂચનાઓ અનુસાર મંજુર કરવામાં આવેલ પેશગીમાંથી ખર્ચ મેળવવાનો હોય તેવા કિસ્સાઓમાં ઉપાડના દરેક બીલ/વાઉચરો ઉપર ઉપાડ અધિકારીએ સ્પષ્ટ રીતે લાલ શાહીથી "આકસ્મિક ખર્ચ નિધિ" મુજબના શબ્દો લખવાના અને એ

મુજબ જ આકસ્મિક નિધિ પેશગીમાંથી મેળવવામાં આવનાર ખર્ચની મંજુરીના હુકમોમાં પણ કરવાનો રહેશે.

(૩) નાણાં વિભાગના તા.૨૩/૫/૧૯૮૫ ના પરિપત્ર મુજબ જાહેર હિસાબ સમિતિની ભલામણ અનુસાર આકસ્મિક નિધિમાંથી પેશગી મંજૂર થયાના બે(૨) માસમાં તેનો ખર્ચ કરવાનો રહે છે. તેથી તે પરત્વે કોઇ ખર્ચ ન થાય અથવા ઓછો ખર્ચ થાય તો આ પેશગીની મંજુરી રદ કરવા અથવા તેની રકમમાં ઘટાડો કરવાની દરખાસ્ત વિભાગને સત્વરે કરવાની રહેશે.

(૪) આકસ્મિક નિધિમંથી પેશગીની રકમ વર્ષ ૨૦૨૧-૨૨ નાં અંદાજપત્રમાં બજેટ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૨ (મહેસુલી/બિનમત્રપાત્ર) હેઠળ રૂ.૨,૯૪,૮૧,૮૪૭/- એટલે કે રૂ.૨,૯૪,૮૧,૯૦૦/- તથા બજેટ સદર ૧૦૬-૨૦૪૯-૬૦-૭૦૧-૦૧ (મહેસુલી/બિનમત્રપાત્ર) (નવું પેટા સદર) હેઠળ રૂ.૨૬,૫૩,૩૬૬/- એટલે રૂ.૨૬,૫૩,૪૦૦/- ની ફાળવણી કરવામાં આવે છે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯-૦૯-૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા ને બાળ વિકાસ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ,નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.